सत्यमेव जयते

GJJM110006402016

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૭–૦૬–૨૦૧૬ |
| રજીસ્ટર તારીખ | ૧૭–૦૬–૨૦૧૬ |
| ફેસલ તારીખ | ૦૧–૦૫–૨૦૨૬ |
| સમયગાળો :– | વર્ષ–મહીનો–દિવસ |
| | ૦૯ – ૧૦ – ૧૪ |
| આંક :– | |

**–:નમુનો–અ:–**

**કાલાવડ ના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુ. કાલાવડ, જી.જામનગર**

**ચુકાદાની તારીખ : ૦૧/૦૫/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. : ૪૯૨ / ૨૦૧૬**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી આર્મ્સ એકટની કલમ–૨૫(૧–બી) એ, ૨૯ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | સેકન્ડ ૧૧૬/૨૦૧૪ |
| પોલીસ સ્ટેશન | કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશન |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |

| | |
|---|---|
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.કારીયા |
| આરોપીપક્ષ | **જાકીરભાઈ આમદભાઈ દલ**<br>ઉ.વ.૪૨, ધંધો–જમીન–મકાન લે–વેંચ<br>રહે. જીલ્લા ગાર્ડન બાપુનગર સ્લમ કર્વાટર નં ૧૨૬ રાજકોટ |
| રજુઆત | વિ.વકીલશ્રી એમ.ડી.જાડેજા |

**–:નમૂનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૨/૧૧/૨૦૧૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૨/૧૧/૨૦૧૪ |
| આખરી અહેવાલની તારીખ | ૧૭/૦૬/૨૦૧૬ |
| ત્હોમતનામું લીધાની તારીખ | ૧૭/૦૬/૨૦૧૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૯/૦૬/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૧/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**::આરોપીની વિગત::**

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | જાકીરભાઈ આમદભાઈ દલ | ૨૩/૧૧ /૨૦૧૪ | ૨૩/૧૧ /૨૦૧૪ | ધી આર્મ્સ એકટની કલમ–૨૫ (૧–બી) એ, ૨૯ | નિર્દોષ છોડયા | | |

**:: નમૂનો ક ::**

## ફરિયાદી / બચાવ / ન્યાયાલયનાં સાક્ષીની યાદી

### અ. ફરિયાદ પક્ષ

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા. ૧ | શરદભાઈ દેવજીભાઈ પરમાર | ફરીયાદી |
| ફ.સા. ૨ | હંસરાજભાઈ કરશનભાઈ પટેલ | સાહેદ |
| ફ.સા.૩ | ભગીરથસિંહ અરવિંદસિંહ સરવૈયા | સાહેદ |
| ફ.સા.૪ | મહાવીરસિંહ જટુભા જાડેજા | પંચસાહેદ |
| ફ.સા.૫ | હરપાલસિંહ મેરૂભા સોઢા | સાહેદ |
| ફ.સા.૬ | મહેન્દ્રસિંહ પ્રવિણ સિંહ રાઠોડ | પંચસાહેદ |
| ફ.સા.૭ | ભરતભાઈ નાથાભાઈ પટેલ | સાહેદ |
| ફ.સા.૮ | અરજણ ભાઈ સાંગણ ભાઈ કડછા | સાહેદ |
| ફ.સા.૯ | નાનજીભાઈ વશરામભાઈ ગોહીલ | ત.ક.અ |

## ફરીયાદી / બચાવ / ન્યાયાલયનાં આંકની યાદી

### અ. ફરિયાદ પક્ષ

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૩ | ફરીયાદી શરદભાઈ દેવજીભાઈ પરમાર ની જુબાની |
| ૨ | ૦૪ | ફરીયાદ |
| ૩ | ૦૫ | સાહેદ હંસરાજભાઈ કરશનભાઈ પટેલ ની જુબાની |
| ૪ | ૦૬ | સાહેદ ભગીરથસિંહ અરવિંદસિંહ સરવૈયા ની જુબાની |
| ૫ | ૦૭ | સાહેદ  હરપાલસિંહ મેરૂભા સોઢા ની જુબાની |
| ૬ | ૦૮ | પંચ સાહેદ મહાવીરસિંહ જટુભા જાડેજા ની જુબાની |
| ૭ | ૦૯ | પંચનામુ |
| ૮ | ૧૦ | પંચ સાહેદ મહેન્દ્રસિંહ પ્રવિણ સિંહ રાઠોડ ની જુબાની |
| ૯ | ૧૧ | સાહેદ ભરતભાઈ નાથાભાઈ પટેલ ની જુબાની |

| | | |
|---|---|---|
| ૧૦ | ૧૨ | સાહેદ અરજણભાઈ સાંગણભાઈ કડછા ની જુબાની |
| ૧૧ | ૧૩ | ત.ક.અ નાનજીભાઈ વશરામભાઈ ગોહીલની જુબાની |
| ૧૨ | ૧૪ | પ્રાદેશીક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગાંધીનગર ખાતે પકડેલ હથિયાર નો પૃથ્થકરણ અહેવાલ |
| ૧૩ | ૧૫ | રવાનગી પત્ર |
| ૧૪ | ૧૬ | ઓથોરીટી પત્ર |
| ૧૫ | ૧૭–૧૮ | ફોરવડીગ લેટર અને હથિયાર અંગેના અભિપ્રાય બાબત |
| ૧૬ | ૧૯ | ચાર્જશીટ દાખલ કરવા અંગેનો પરવાનગી હુકમ |
| ૧૭ | ૨૦ | એફ.એસ.એલ સર્ટી |

## –: ચુકાદો :–

### ૦૧.. ફરીયાદ પક્ષની ટુંકમાં હકીકત :–

ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામનાં આરોપીએ ગઈ તા. ૨૨/૧૧/૨૦૧૪ નાં રોજ કલાક ૧૦:૩૦ વાગ્યાનાં સમયે પી ડબ્લ્યુ ડી સર્કલ પાસે આરોપીએ પોતાના કબ્જામાં ગેર કાયદેસર પાસ પરમીટ વગર પોતાના કબજામાં એક દેશી બનાવટની પીસ્તોલ ૯ એમ.એમ. કાળા કલરની ૧૦ સે.મી.કુલ લંબાઈ ૧૭ સે.મી. જેની કી. રૂા.૧,૦૦,૦૦૦/– ગણી તથા એક જીવતી કાર્ટીસ જેના ઉપર અંગ્રેજીમાં કેએફ ૭.૫૫ લખેલ તે કી. રૂા.૧ ૦૦ ગણી કુલ કી. રૂા. ૧,૦૦,૧૦૦/– ની આ કામના આરોપી પાસેથી મળતા ગુનો પકડાઈ ગયેલ. જે બાબતે ફરીયાદીએ હાલની ફરીયાદ આપેલ છે. જે ફરીયાદ બાબતે તપાસ કરનાર અમલદારશ્રી એ ગુના બાબતની તપાસ કરી લાગતાં વળગતા સાહેદોનાં નીવેદનો લઈ તેમના મંતવ્ય મુજબ પુરતો પુરાવો જણાય આવતાં આરોપી વિરુધ્ધ મથાળે દર્શાવેલ ધી આર્મ્સ એકટની કલમ–૨૫(૧–બી)

એ, ૨૯ મુજબ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરિતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૭૩ મુજબ ચાર્જશીટ રજુ કરેલ છે.

**૦૨..** આરોપીને સમન્સ બજવણી થતા આરોપી અદાલત સમક્ષ જાતે હાજર રહેલ ન રહેતા અમોના પુરોગામી સાહેબશ્રી દવારા આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી કલમ ૨૯૯ મુજબનો હુકમ કરી પુરાવો નોંધવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા ફરીયાદપક્ષ દવારા લેવામાં આવેલ સાહેદોને રીકોલ કરેલ તેઓની હાજરીમાં પુરાવો નોંધવામાં આવેલ છે.

**<u>૦૩.. આરોપીનું વિશેષ નિવેદન તથા દલીલ :–</u>**

હાલનાં કામે ફરીયાદપક્ષનો પુરાવો નોધ્યાં બાદ આરોપીનું ફોજદારી કાર્યરિતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ જણાવેલ છે કે, ખોટી ફરીયાદ કરેલ છે અને પોતે નિદોર્ષ છે. કોઈ ગુન્હો કરેલ નથી. જેથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

**૦૪..** ઉપરોકત હકીકત, તેમજ રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં આ કામનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દા :–</u>**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ ગઈ તા. ૨૨/૧૧/૨૦૧૪ નાં રોજ કલાક ૧૦:૩૦

વાગ્યાનાં સમયે પી ડબ્લ્યુ ડી સર્કલ પાસે આરોપીએ પોતાના કબ્જામાં ગેર કાયદેસર પાસ પરમીટ વગર પોતાના કબજામાં એક દેશી બનાવટની પીસ્તોલ ૯ એમ.એમ. કાળા કલરની ૧૦ સે.મી.કુલ લંબાઈ ૧૭ સે.મી. જેની કી. રૂા. ૧,૦૦,૦૦૦/– ગણી તથા એક જીવતી કાર્ટીસ જેના ઉપર અંગ્રેજીમાં કેએફ ૭.૫૫ લખેલ તે કી. રૂા.૧૦૦ ગણી કુલ કી. રૂા. ૧,૦૦,૧૦૦/– ની આ કામના આરોપી પાસેથી મળતા ગુનો પકડાઈ જઈ ધી આર્મ્સ એકટની કલમ–૨૫(૧–બી) એ, ૨૯ મુજબનો શિક્ષાપાત્ર થતો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

**૦૫..** ઉપરોકત મુદ્દા અંગેનાં મારા નિર્ણય તેનાં કારણો સહીત નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**૦૬..** ઉપરોકત મુદ્દાનાં નિર્ણય માટેનાં મારા કારણો નીચે મુજબ છે.

ઉપરોકત તમામ મુદ્દા પરસ્પર એક બીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવાનાં શુભ હેતુસર તે તમામની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

## કા ર ણો

**મુદા નંબર: ૧ :–**

**૦૭.. સાહેદોની ટુંકમાં જુબાનીની મહત્વની હકિકતો :–**

**(૭–એ).** આ કામે ફરીયાદ પક્ષનાં ફરીયાદી શરદભાઈ દેવજીભાઈ પરમાર ને આંક–૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૪ ની ફરીયાદ હકીકતને સમર્થન કરેલ છે. આરોપી તર્ફે વિ.વ.શ્રી.

ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદી હકીકત કબુલ કરે છે કે, અમો પેટ્રોલીંગમાં હોય તે અંગેની નોધ સ્ટશન ડાયરીમાં કરવાની હોય છે, પેટ્રોલીંગમાં સરકારી વાહનમાં જઈએ તે અંગેની નોંધ લોગ બુકમાં કરવાની હોય છે, કહેવાતા બનાવ સમયે અમો જામનગર જીલ્લામાં કાલાવડ પો.સ્ટે વિસ્તારમાં પ્રોહી, જુગાર તેમજ નાશતા ફરતા આરોપી સોંધી કાઢવા અંગે પેટ્રોલીંગ મા હતા અને અમોને આ અરસામાં આવા કોઈ ઈસમ મળેલ નહી, બનાવ વાળી જગ્યા રાજકોટ જામનગર હાઈવે રોડ આવેલ છે અને ત્યા આજુબાજુમાં ઘણીબધી દુકાનો આવેલી છે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પંચોને સાથેના કર્મચારી હરપાલસિંહ સોઢાનાઓ એ બોલાવેલ, કહેવાતા બનાવ સમયે મળી આવેલ આરોપી પાસેથી હથીયાર નું બનાવ સ્થળે મે કોઈ તે હથીયાર માથી ફાઈરીંગ કરી ટેસ્ટ કરેલ નથી.

વધુમાં, તેઓ એ હકીકત નો ઈનકાર કરે છે કે, હથીયાર ની ઓળખ માટેની કોઈ ટ્રેનીંગ લીધેલ નથી અને તે અંગેનો કોઈ અભ્યાસ કરેલ નથી, આરોપી પાસેથી આવુ કોઈ હથીયાર મળી આવેલ નથી, પ્રોહી જુગાર અંગેની પેટ્રોલીંગમા હોય અને તે અંગેના કોઈ ઈસમો ન મળી આવતા આરોપી વિરુધ્ધ ખોટો કેસ કરેલ છે, પેટ્રોલીંગની સારી કામગીરી દર્શાવવા માટે ખોટો કેસ કરી સર તપાસમાં ખોટી હકિકત જણાવી સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**(૭–બી).** આ કામે ફરીયાદ પક્ષનાં સાહેદ હંસરાજભાઈ કરશનભાઈ પટેલ ને આંક–૫ થી તથા સાહેદ ભગીરથસિંહ અરવિંદસિંહ સરવૈયાને આંક–૬ થી તથા સાહેદ હરપાલસિંહ મેરૂભા સોઢા ને આંક–૭ થી તથા ભરતભાઈ નાથાભાઈ પટેલ ને આંક–૧૧ થી તથા સાહેદ અરજણભાઈ સાંગણભાઈ કડછાને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરેલ છે. આરોપી તર્ફે વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદોએ હકીકત કબુલ કરે છે કે, તેઓ પેટ્રોલીંગમાં હોય તે

અંગેની નોધ સ્ટશન ડાયરીમાં કરવાની હોય છે, પેટ્રોલીંગમાં સરકારી વાહનમાં જઈએ તે અંગેની નોંધ લોગ બુકમાં કરવાની હોય છે, કહેવાતા બનાવ સમયે અમો જામનગર જીલ્લામાં કાલાવડ પો.સ્ટે વિસ્તારમાં પ્રોહી, જુગાર તેમજ નાશતા ફરતા આરોપી સોંધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા અને અમોને આ અરસામાં આવા કોઈ ઈસમ મળેલ નહી, બનાવવાળી જગ્યા રાજકોટ જામનગર હાઈવે રોડ આવેલ છે અને ત્યા આજુબાજુમા ઘણીબધી દુકાનો આવેલી છે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પંચોને સાથેના કર્મચારી હરપાલસિંહ સોઢાનાઓ એ બોલાવેલ, કહેવાતા બનાવ સમયે મળી આવેલ આરોપી પાસેથી હથીયાર નું બનાવ સ્થળે મે કોઈ તે હથીયાર માથી ફાઈરીંગ કરી ટેસ્ટ કરેલ નથી.

વધુમાં, તેઓ એ હકીકત નો ઈનકાર કરે છે કે, હથીયાર ની ઓળખ માટેની કોઈ ટ્રેનીંગ લીધેલ નથી અને તે અંગેનો કોઈ અભ્યાસ કરેલ નથી, આરોપી પાસેથી આવુ કોઈ હથીયાર મળી આવેલ નથી, પ્રોહી જુગાર અંગેની પેટ્રોલીંગમા હોય અને તે અંગેના કોઈ ઈસમો ન મળી આવતા આરોપી વિરુધ્ધ ખોટો કેસ કરેલ છે, પેટ્રોલીંગની સારી કામગીરી દર્શાવવા માટે ખોટો કેસ કરી સર તપાસમાં ખોટી હકિકત જણાવી સોંગદઉપર ખોટી જુબાની આપુ છુ.

**(૭–સી).** આ કામે ફરીયાદ પક્ષનાં પંચસાહેદ મહાવીરસિંહ જટુભા જાડેજાને આંક–૦૮ થી તેમજ પંચસાહેદ મહેન્દ્રસિંહ પ્રવિણસિંહ રાઠોડ ને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલાં છે. સદર બંને પંચસાહેદો એ પોતાની સોગંદ પરની જુબાનીમાં આંક–૦૯ થી રજુ થયેલ આરોપીની રેઈડ દરમ્યાન કરવામાં આવેલ અંગ ઝડતી તથા તેઓ પાસે થી મુદામાલ કબ્જે કર્યા અંગે ના પંચનામાંની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. તેઓ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે એક લખેલા પંચનામાં ઉપર તેમની સહીઓ લીધેલ તેમજ પંચનામામાં શું લખ્યું છે તે જાણતાં નથી. ફરીયાદ પક્ષ તર્ફે આ પંચસાહેદને ફરી ગયેલા જાહેર કરી

પોતાનાં જ સાક્ષીને ઉલટતપાસ કરવા માટે મૌખિક વિનંતી કરવામાં આવેલ. ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૧૫૪ ની જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષે પોતાનાં પંચસાહેદની જ ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ. તેમ છતાં, પણ સાહેદએ ફરીયાદ પક્ષના કેસની લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**(૭–ડી).** આ કામે ફરીયાદ પક્ષનાં ત.ક.અ. સાહેદ નાનજીભાઈ વશરામભાઈ ગોહીલ ને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પોતે કરેલ તપાસને ગઈ તા ૨૨/૧૧/૧૪ ના અમો કાલાવડ ટાઉન પે સ્ટે મા સે. ગુ. ર. નં. ૧૧૬/૧૪ આમર્સ એકટ ની કલમ ૨૫(એ), ૨૯ મુજબનો ગુન્હો કાલાવડ પો સ્ટેના પી. એસ. ઓ એમ. જે. પરમાર નાઓએ ગુન્હો દાખલ કરી આગળની તપાસ અમોને સોંપતા જેમાં ફરિયાદી ફરદભાઈ દેવાભાઈ પરમાર પો કોનસ એલ. સી. બી શાખાનાઓએ જે અમોને તપાસ મળતા અમોએ લાગતા પો સ્ટાફના માણસોના નીવેદનો લેવામા આવેલા અને આ કામે અમોએ પ્રાદેશીક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગાંધીનગર ખાતે પકડેલ હથીયારનો પૃથકરણ અહેવાલ ગાંધીનગર મોકલેલ હોય જે રજુ દાખલ આંક–૧૪ આપવામા આવે છે પ્રાદેશીક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગાંધીનગર મુદામાલ મળી ગયેલ અંગેનો રવાનગી પત્ર તા ૮/૧/૧૫ ના રોજ નો જે રજુ દાખલ આંક–૧૫ આપવામા આવે છે. તથા આ કામે પ્રાદેશીક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગાંધીનગર દ્રારા અમોને સંબોધીને આ અંગે ઓથોરીટી પત્ર માંગવામા આવેલ જે અંગેનો પત્ર તા ૨૭/૪/૧૬ નો અને જે અંગે અમોને ઓથોરીટી મળેલ તે દશાવતો ઓથોરીટી પત્ર તા ૪/૫/૧૬ ના રોજ હોય જે રજુ દા આંક–૧૬ છે. તેમજ તા ૨૮/૪/૧૬ ના રોજ નાયબ નીયામશ્રી સંઘવી સા નો ફોરવડીગ પત્ર અને એ સાથે હથીયાર અંગેનો અભીપ્રાય આવેલ જે અભીપ્રાય તપાસના કામે રજુ રાખેલ હોય તે બન્ને રજુ દાખલ આંક–૧૭ થી ૧૮ આપવામા આવે છે તથા આ

કામે અમોએ જીલા મેજી. સા જામનગરનાઓને હાલના કામે ચાર્જશીટ કરવા પરવાનગી મેળવા અંગે કરેલ તા ૧૪/૫/૧૬ ના રોજનો પત્ર રજુ દાખલ આંક –૧૯ આપવામાં આવે છે જેના આધારે જીલા મેજી સા દવારા તા ૮/૬/૧૬ ના રોજ ચાર્જશીટ કરવા પરવાનગી અંગેનો પત્ર તપસના કામે રજુ રાખેલ આ કામે તમામ દસ્તાવેજો સાથે નામ કોર્ટના ચાર્જશીટ કરેલુ. તેમજ આ કામે પ્રાદેશીક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગાંધીનગર જેનું એફ એસ એલ સટીઆવી ગયેલ.

આરોપી તર્ફે વિ.વ.શ્રી. દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદએ હકીકત કબુલ કરે છે કે, ફરીયાદી તેઓના પોલીસ સ્ટાફના કર્મચારી છે, બનાવ સમયે પેટ્રોલીંગ દરમ્યાન જુગાર અને પ્રોહી.ની ડ્રાઈવ માં હતા, તપાસ દરમ્યાન પોલીસ સાહેદ સીવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન નોંધેલ નથી, બનાવ વાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યા માણસોની તથા વાહનોની સતત અવર જવાર ચાલુ હોય છે, તપાસ દરમ્યાન કોઈ આર્મર કે જે હથીયાર ના જાણકાર હોય તેઓના નીવેદનો નોંધેલ નથી,બનાવ સ્થળે પકડાયેલ કહેવાતુ હથીયાર માથી ફાયર ટેસ્ટ કરેલ હોય તેવુ બનેલ નથી, ફરીયાદી રેઈડ દરમ્યાન તેમજ પેટ્રોલીંગ દરમ્યાન ફરજ પર હતા તે અંગેનો કોઈ પુરાવો રજુ રાખેલ નથી.

એ વાતનો ઈન્કાર કરે છે કે, પંચનામુ ફરીયાદને અનુકુળ થઈને તેઓની જાતે પંચોની ગેરહાજરીમા લખી લીધેલ છે, આ કામના આરોપી પાસેથી કહેવાતુ કોઈ હથીયાર મળી આવેલ ન હોય છતાં ફરીયાદી ને સમર્થન કરવા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે, આ કામે પકડાયેલ હથીયારને પરીક્ષણ અર્થે મોકલેલ હોય તે હકિકત તેઓ ખોટી જણાવે છુ આ કામે ચાર્જશીટ રજુ કરવા માટે જીલ્લા મેજી. દવારા પરવાનગી મેળવેલ નથી.

**<u>૦૮.. પુરાવાનું મુલ્યાંકન :–</u>**

આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે. ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રનાં મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં, ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તો તે આક્ષેપ ફરીયાદપક્ષે તેનાં સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબિત થવું જોઈએ.

આરોપી સામે ધી આર્મ્સ એકટ ૧૯૫૯ ની કલમ–૨૫(૧–બી) એ, ૨૯ નાં ગુન્હાનો આક્ષેપ છે. સદર ગુન્હાઓનું કાયદાકીય જોગવાઈઓ વંચાણે લેતાં,

***SECTION-25 : Punishment for certain offences:-***

(1B) Whoever--

**(a) acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of section 3; or**

(b) acquires, has in his possession or carries in any place specified by notification under section 4 any arms of such class or description as has been specified in that notification in contravention of that section; or

(c) sells or transfers any firearm which does not bear the name of the maker, manufacturers number or other identification mark stamped or otherwise shown thereon as required by sub-section (2) of section 8 or does any act in contravention of sub-section (1) of that section; or

(d) being a person to whom sub-clause (ii) or sub-clause (iii) of clause (a) of sub-section (1) of section 9 applies, acquires, has in his possession

or carries any firearm or ammunition in contravention of that section; or

(e) sells or transfers, or converts, repairs, tests or proves any firearm or ammunition in contravention of clause (b) of sub-section (1) of section 9; or

(f) brings into, or takes out of, India, any arms or ammunition in contravention of section 10; or

(g) transports any arms or ammunition in contravention of section 12; or

(h) fails to deposit arms or ammunition as required by sub-section (2) of section 3, or sub-section (1) of section 21; or

(i) being a manufacturer of, or dealer in, arms or ammunition, fails, on being required to do so by rules made under section 44, to maintain a record or account or to make therein all such entries as are required by such rules or intentionally makes a false entry therein or prevents or obstructs the inspection of such record or account or the making of copies of entries therefrom or prevents or obstructs the entry into any premises or other place where arms or ammunition are or is manufactured or kept or intentionally fails to exhibit or conceals such arms or ammunition or refuses to point out where the same are or is manufactured or kept,

shall be punishable with imprisonment for a term which shall not be less than [12][two years but which

may extend to five years and shall also be liable to fine] and shall also be liable to fine:

Provided that the Court may for any adequate and special reasons to be recorded in the judgment impose a sentence of imprisonment for a term of less than 13[two years]

***SECTION-3 : Licence for acquisition and possession of firearms and ammunition:-***

1[(1)] No person shall acquire, have in his possession, or carry any firearm or ammunition unless he holds in this behalf a licence issued in accordance with the provisions of this Act and the rules made thereunder:

Provided that a person may, without himself holding a licence, carry any firearm or ammunition in the presence, or under the written authority, of the holder of the licence for repair or for renewal of the licence or for use by such holder.

2[(2) Notwithstanding anything contained in sub-section (1), no person, other than a person referred to in sub-section (3), shall acquire, have in his possession or carry, at any time, more than 3[two firearm]:

Provided that a person who has in his possession more firearms than three at the commencement of the Arms (Amendment) Act, 1983 (25 of 1983), may retain with him any three of such firearms and shall deposit, within ninety days from such commencement, the remaining firearms with the officer in charge of the nearest police station

or, subject to the conditions prescribed for the purposes of sub-section (1) of section 21, with a licensed dealer or, where such person is a member of the armed forces of the Union, in a unit armoury referred to in that sub-section.

[4][Provided that a person who has in his possession more firearms than two at the commencement of the Arms (Amendment) Act, 2019, may retain with him any two of such firearm and shall deposit, within one year from such commencement, the remaining firearm with the officer in charge of the nearest police station or, subject to the conditions prescribed for the purposes of sub-section (1) of section 21, with a licensed dealer or, where such person is a member of the armed forces of the Union, in a unit armoury referred to in that sub-section after which it shall be delicensed within ninety days from the date of expiry of aforesaid one year:

Provided further that while granting arms licence on inheritance or heirloom basis, the limit of two firearms shall not be exceeded.]

(3) Nothing contained in sub-section (2) shall apply to any dealer in firearms or to any member of a rifle club or rifle association licensed or recognised by the Central Government using a point 22 bore rifle or an air rifle for target practice.

(4) The provisions of sub-sections (2) to (6) (both inclusive) of section 21 shall apply in

relation to any deposit of firearms under the proviso to sub-section (2) as they apply in relation to the deposit of any arm or ammunition under sub-section (1) of that section.]

આ કામે હાલનાં આરોપી સામે જયારે આર્મ્સ એકટની જોગવાઈનો ભંગ કરી લાયસન્સ વગર ગેરકાયદેસર રીતે દેશી બનાવટની પીસ્તોલ રાખી આર્મ્સ એકટની કલમ–૨૫ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે આરોપી સામે આરોપી સામે સદરહું ગુન્હાનું ત્હોમત સાબિત કરવા સર્વપ્રથમ મહત્વની એ હકીકત સાબિત કરવી પડે કે, પોલીસ દવારા સદરહુ પીસ્તોલ આરોપીનાં સભાન કબ્જામાંથી કબ્જે કરવામાં આવેલ છે તેમજ તે પીસ્તોલ આરોપીએ આર્મ્સ એકટની કલમ–૩ નો ભંગ કરી પોતાનાં કબ્જામાં રાખેલ છે અને તે પીસ્તોલ ચાલુ અવસ્થામાં હતો. વિશેષમાં જિલ્લા મેજીસ્ટ્રેટ દવારા આરોપી સામે આક્ષેપિત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરવા માટે યોગ્ય પુર્વમંજુરી ઘી આર્મ્સ એકટની કલમ–૩૯ મુજબ આપવામાં આવેલી છે.

ઉપરોકત કાયદાની તથા આ કેસની હકીકતોની પરિસ્થિતિ ધ્યાને લઈ આ કામે રેકર્ડ ઉપરનાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે મુદ્દા નં ૧ ની સાબિતીનો બોજો ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ ઉપર હોય, ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે આંક–૦૯ થી તેઓ વોચ માં હતા તે દરમ્યાન આરોપી પાસે થી તેઓ ની અંગ ઝડતી માંથી કબ્જે કરવામાં આવેલ હથીયાર નું પંચનામું રજુ કરવામાં આવેલ છે. તે આંક–૦૯ નું પંચનામું સાબિત થયેલ છે કે કેમ ? અને પંચનામું કયારે સાબિત થયેલું ગણી શકાય ? અને પંચનામાનું મુલ્યાંકન કેવી રીતે કરી શકાય તે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં મેર

વેજાભાઈ વીરાભાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૮૮(૨) જી.એલ.એચ. ૫૧૫ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો જોવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે,

"Panchnama can be used only to corroborate the evidence of the panch and not as a substantive piece of evidence. A panchnama which can be used only to corroborate the panch has to be read over to the panch and only thereafter it can be exhibited. if the panch has omitted to state something which is found in the panchnama, then after reading the panchnama the panch has to be asked whether that portion of the panchnama is correct or not and whatever replay he gives has to be recorded. If he replies in affirmative, then only that portion of the panchnama can be read to corroborate the substantive evidence of the panch. If he replies in negative, then that part of panchnama can not be read in evidence for want of substantive evidence on record."

આમ, પંચનામું કયારે સાબિત થયેલું માની શકાય અને પુરાવામાં તેનું મુલ્યાંકન કઈ રીતે કરી શકાય તે અંગે ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, આ કામે આંક-૦૯ થી રજુ થયેલ રેઈડ દરમ્યાન નું પંચનામાનાં પંચસાહેદ મહાવીરસિંહ જટુભા જાડેજા ને આંક-૦૮ થી તેમજ મહેન્દ્રસિંહ પ્રવિણસિંહ રાઠોડ ને આંક-૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલાં છે. સદર બંને પંચસાહેદો એ પોતાની સોગંદ પરની જુબાનીમાં આંક-૦૯ થી રજુ થયેલ રેઈડ દરમ્યાન ના પંચનામાંની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. આમ, પંચસાહેદની જુબાની જોવામાં આવે તો, પંચ સાહેદે તેમની જુબાની દવારા આ કામનાં

આરોપીને ફરીયાદપક્ષનાં કેસ મુજબ પોલીસ દવારા બાતમી હકીકતની જાણ થઈ રસ્તા ઉપર દેશી બનાવટની પીસ્તોલ પંચોની હાજરીમાં પકડાવામાં આવેલ હોય અને આરોપી પાસેથી દેશી બનાવટની પીસ્તોલ પંચનામાની વિગતે પંચો રુબરુ કબ્જે કરવામાં આવેલ હોય તે હકીકતને પંચસાહેદએ લેશમાત્ર સમર્થન આપેલ નથી આમ, ફરીયાદપક્ષ આ પંચસાહેદની જુબાની દ્વારા આંક–૦૯ નું રેઈડ દરમ્યાન નું મુદામાલ રીકવરી કર્યા અંગેનું પંચનામું પુરવાર કરી શકેલ નહી. આમ, ફરીયાદપક્ષ તેમનાં કેસ મુજબ આરોપીને પોલીસે દેશી બનાવટની પીસ્તોલ ગેરકાયદેસર રીતે પાસપરમીટ વગર પંચોની હાજરીમાં પકડેલ હોય તે હીકકત ફરીયાદપક્ષ આંક–૦૯ નાં પંચનામાંથી કે તે પંચનામાંનાં પંચસાહેદની જુબાનીથી સાબિત કરી શકેલ નહી.

હાલનાં કામે ફરીયાદપક્ષનાં કેસ મુજબ આ કામનાં આરોપી ગેરકાયદેસર રીતે વગર પાસપરમીટે દેશી બનાવટની પીસ્તોલ ૯ એમ.એમ. કાળા કલરની ૧૦ સે.મી.કુલ લંબાઈ ૧૭ સે.મી. સાથે પકડાઈ ગયેલ હોવાનાં આક્ષેપ આધારે તપાસનાં અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળતાં હાલની ચાર્જશીટ કરેલ છે. હાલનાં કામે ફરીયાદી શરદભાઈ દેવજીભાઈ પરમાર ને આંક–૩ થી તથા સાહેદો હંસરાજભાઈ કરશનભાઈ પટેલ ને આંક–૫ થી તથા સાહેદ ભગીરથસિંહ અરવિંદસિંહ સરવૈયાને આંક–૬ થી તથા સાહેદ હરપાલસિંહ મેરૂભા સોઢા ને આંક–૭ થી તથા ભરતભાઈ નાથાભાઈ પટેલ ને આંક–૧૧ થી તથા સાહેદ અરજણભાઈ સાંગણભાઈ કડછાને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદી તથા સાહેદોની સોગંદ ઉપરની જુબાનીનું પુરાવાકિય મુલ્યાંકન કરવામાં આવે તો, પેટ્રોલીંગમાં હોવા બાબતેનો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી તેમજ બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર હોવાનો અને લોકોની સતત અવરજવર ચાલુ રહેતી હોવાનું જણાય આવે છે. ફરીયાદપક્ષે તપાસ કરનાર અમલદારશ્રી નાનજીભાઈ વશરામભાઈ ગોહીલને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની

જુબાનીમાં પોતે કરેલ તપાસને અનુરૂપ જુબાની આપેલ છે. સદર સાહેદની સોગંદ ઉપરની જુબાનીનું પુરાવાકિય મુલ્યાંકન કરવામાં આવે તો, પોલીસ સિવાયનાં કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લીધેલાં નથી. આમ, હાલનાં કામે ફરીયાદપક્ષ દવારા જે સાહેદો તપાસવામાં આવેલા છે તે તમામ સાહેદો પોલીસ સાહેદો છે. ફરીયાદપક્ષે પોલીસ સાહેદો સિવાય ફરીયાદની હકીકતને પુરવાર કરવા અન્ય સ્વતં ત્ર સાહેદોનાં પુરાવા રજુ કરેલ ન હોય ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન મળતું નથી તેમજ આંક–૦૯ થી રજુ થયેલ રેઈડ દરમ્યાન નાં પંચનામાની હકીકતને પંચસાહેદોની જુબાનીથી પણ સમર્થન પ્રાપ્ત થતું નથી. અત્રે નોંધનીય હકીકત છે કે, ફરીયાદ આપી તે પહેલાં પંચનામું કરવામાં આવેલ હોવાં છતાં ફરીયાદમાં પંચોના નામ, સરનામા જણાવેલ નથી તેમજ પંચો દવારા પંચનામાની હકીકતને કે ફરીયાદમાં જણાવેલ હકીકતે પોતે પોલીસ સ્ટાફ સાથે વોચમાં ગયેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી. વધુમાં, ફરીયાદી તથા તપાસેલ પોલીસ સાહેદોએ એ હકીકત ને સમર્થન આપેલ છે કે તેઓએ હાલ ની રેઈડ પહેલા કોઈ પ્રાથમીક પંચનામુ કરેલ નથી. ફરીયાદીની ફરીયાદ હકીકત વંચાણે લેતાં, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે જેથી સ્વાભાવિક રીતે માનવાને કારણ રહે કે બનાવવાળું સ્થળે લોકોની તથા વાહનોની સતત અવરજવર ચાલું હોય તેમ છતાં, હાલનાં કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદો પોલીસ સાહેદો છે. જેથી તે સ્વાભાવિક રીતે ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતી હકીકત તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે પરંતુ, ફરીયાદી પોલીસ સાહેદની સોગંદ ઉપરની જુબાનીને અન્ય સ્વતંત્ર સાહેદોની જુબાનીનું સમર્થન મળવું આવશ્યક છે. હાલનાં પોલીસ ફરીયાદીની તથા પોલીસ સાહેદોની જુબાનીનાં આધારે આરોપીને કસુરવાન ઠરાવી શકાય નહી.વધુમાં ફરીયાદીની પોતાની જુબાનીથી એવી કોઈ હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી કે એવું માનવાને કારણ રહે છે આ કામનાં આરોપી પોતાનાં કબ્જામાં  દેશી બનાવટની પીસ્તોલ ૯ એમ.એમ.

કાળા કલરની ૧૦ સે.મી.કુલ લંબાઈ ૧૭ સે.મી. સાથે પકડાઈ ગયેલ હોય. આમ, ફરીયાદપક્ષ આરોપી સામેનું આક્ષેપીત ગુન્હો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જયારે કોઈ કેસમાં તમામ સાહેદો પોલીસ સાહેદો હોય અને આખો કેસ પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખતો હોય ત્યારે તેવા પોલીસ સાહેદોની જુબાનીનું કોર્ટે ઝીણવટભરી રીતે મુલ્યાંકન કરવાનું હોય છે. આ કામે બનાવનું સ્થળ તથા સમય ધ્યાને લેતા, આ બનાવ જાહેર રસ્તા પર બનેલ છે. સાહેદોએ તેની ઉલટતપાસમાં કબુલ કર્યા મુજબ બનાવ સ્થળે હાઈવે રોડ છે અને આજુબાજુ માં ઘણી દુકાનો આવેલી છે. તે જોતાં ત્યાં સહેલાઈથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હતા. તેમ છતાં, પોલીસે આ કામે એવા કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલા નથી. આથી માત્ર હિત ધરાવનાર પોલીસ સાહેદોની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે પોલીસે ધાર્યુ હોય તો સ્વતંત્ર સાહેદો તપાસી શકેલ હોય પરંતુ, નજરે જોઈ શકાય તેવી કોઈ અગવડતા ન હોવા છતાં આવા કોઈ પણ સ્વતં ત્ર સાહેદોને તપાસવામાં આવેલ ન હોય તે બાબત આ બનાવને શંકાસ્પદ બનાવી દે છે. સ્વતંત્ર સાહેદોનાં સમર્થન વિના કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દેશી હાથ બનાવટની લોખંડનો તમંચો હાલનાં આરોપી પાસેથી જ મળી છે, તેવું માની શકાય નહી. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૧૩ થી તપાસવામાં આવેલ તપાસ કરનાર અમલદારે પોતાની જુબાનીમાં આરોપી વિરુઘ્ધ ચાર્જશીટ દાખલ કરવાની મંજુરી આપતો જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી જામનગરનો અને એફ.એસ.એલ. માંથી મેળવેલ અહેવાલ તેમજ તેની સાથે આવેલ અભિપ્રાય રજુ કરેલ છે. આ કાયદાની કલમ-૩૯ ની જોગવાઈ મુજબ કોઈ પણ વ્યકિત વિરુઘ્ધ કોર્ટમાં ચાર્જશીટ કરતાં અગાઉ તપાસ કરનાર અમલદારે કલેકટરશ્રીની પરવાનગી મેળવેલ છે. પરંતુ આ કામે તપાસ કરનાર અમલદાર દવારા કલેકટર કચેરીનાં કોઈપણ જવાબદાર અધિકારીને આ પરવાનગી

આપવા બાબતે તપાસવામાં આવેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતો દવારા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતાં,

***1999 CRI LJ.271(SC).***

***Narsi v.State Of Haryana***

In absence of any independent evidence, seizure of a pistol and a cartridge from possession of the appellant becomes doubtful. It is also highly improbable that the appellant had presented himself with a weapon whice was unlicensed. He had not gone there to make a confession. He had gone to the police station because he was wanted by the police in that case. No other witness was examined by the prosecution on the point of recovery of a pistol and a cartridge from the possession of the appellant. As the evidence of Ganga Ram does not appear to be truthful, the conviction of the appellant will have to be set aside.

***1999 CRI LJ.3719(All).***

***Ghasita v.State Of U.P.***

The prosecution case about the occurrence and the arrest and recoveries therein appears to be highly doubtful and the evidence, which was led in its support was highly unreliable. Consequently, the conviction of appellant for

the offence under section-399/402, I.P.C. even under Section-25 of the Arms Act cannot be sustained.

***<u>2002(6) s.c.c 593</u>***

***<u>Sunder v/s State</u>***

Prosecution alleged that knives were recovered from prssession of accused. One of the recovery witness turned hostile and there were material contradictions between testimonies of the witness who turned hostile and other witnesses. prosecution did not examine the other witnesses to the recovery of knives, held, prosecution failed to prove recovery of knives and hence accused is entitled to acquittal.

***<u>1996 CRI LJ.1796.</u>***

***<u>Vithal Mahadev Patil v.State Of Belgaum Rural police.</u>***

So far as the offence alleged against the accused under the Arms Act the prosecution has failed to prove the sanction to prosecute the appllant. It has marked the said sanction through the evidence of P.W. 19. it is not sufficient proof of the sanction. The person who has granted the sanction shouls have been examined by the prosecution to prove the sanction in accordnance with law.

ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ માર્ગદર્શક સિધ્ધાંતો અને અત્રેનાં કેસની હકીકતો જોતાં ફરીયાદપક્ષ તર્ફે જે સાહેદો તપાસવામાં આવેલાં છે. જે તમામ સાહેદો એ પોલીસ સાહેદો છે. સદર કેસને કોઈપણ તટસ્થ સાહેદનું સમર્થન મળેલ નથી અને આરોપી પાસેથી દેશી બનાવટની પીસ્તોલ કબ્જે કરવામાં આવેલ છે, તે હકીકતને સ્વતંત્ર સાહેદોની તે તટસ્થ પંચસાહેદોનું સમર્થન મળેલ નથી. વધુમાં, જયારે આરોપી ના સભાન કબ્જામાં થી હથીયાર મળેલ હોવાનું ફલીત થતુ નથી ત્યારે હથીયારબંધી નો ભંગ થયેલ હોવાનું પણ માની શકાય નહી. તે સંજોગોમાં પણ આક્ષેપિત ગુન્હાનાં તમામ તત્વો પ્રસ્થાપિત થતાં નથી. વધુમાં, એ હકીકત પણ પુરવાર થાય છે કે, ધી આર્મ્સ એકટ ૧૯૫૯ ની કલમ-૩૯ મુજબ સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવામાં આવી હોય જે રજુ કરેલ છે, પરંતુ તે સબંધે કોઈ જવાબદાર અધિકારીનું નિવેદન તપાસ કરનાર અમલદારે લીધેલ નથી. એ ફરીયાદપક્ષ દવારા આવા કોઈ અધિકારીને તપાસવામાં આવેલ નથી. આમ, કહેવાતું હથીયાર ફરીયાદી તથા પોલીસ કર્મચારીઓએ હાલનાં આરોપી પાસેથી જ મેળવ્યું છે અથવા હાલનાં આરોપી પાસેથી જ કબ્જે કરવામાં આવ્યું છે, તે સબંધે કોઈ સ્વતંત્ર, ઠોસ અને મારવાલાયક સબળ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ***એ.આઈ.આર. ૧૯૯૫ (સુપ્રિમ કોર્ટ) પાનાં નં. ૧૩૫ જગાસિંગ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ*** નાં કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી, શંકા આખરે શંકા છે અને જયારે બે ''વ્યુ'' શકય હોય ત્યારે હંમેશાં આરોપીની તરફેણમાં ચુકાદો આપવો જોઈએ. આમ, ઉપરોકત સમગ્ર હકીકતે તથા પુરાવાનાં મુલ્યાંકન આરોપીનાં કબ્જામાંથી દેશી બનાવટની પીસ્તોલ તથા જીવતા કાર્ટીસ મળી આવેલ હોવાની હકીકત નિ:શંકપણે ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું અત્રેની અદાલતમાં માનવું છે. આમ, આરોપી સામેનો ગુન્હાનો આક્ષેપ પુરવાર થતો ન હોય આરોપીને આ ગુન્હાનાં

કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી, જેથી મુદ્દા નં–૧ નો જવાબ નકારાત્મક આપી મુદ્દા નં–૨ માટે ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

**૧.** આ કામનાં આરોપીને ફોજદારી કાર્યરિતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ – ૨૪૮(૧) હેઠળ ધી આર્મ્સ એકટની કલમ–૨૫(૧–બી) એ, ૨૯ મુજબનાં સજાને પાત્ર ગુનાનાં કામે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** અપીલ સમય વિત્યે, મુદામાલનો નિયમાનુસાર નાશ કરવો.

**૩.** આરોપીએ ફોજદારી કાર્યરિતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) મુજબનાં અપીલ પીરીયડ સુધીનાં રૂ. ૩૦,૦૦૦/– નાં જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા રજુ કરવા.

આ હુકમ આજરોજ તારીખ : – ૦૧ લી, માહે : મે, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : કાલાવડ.**
**તા. ૦૧/૦૫/૨૦૨૬**

**(હર્ષદ રાજાભાઈ ખમલ)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**જામનગર.**
**જી.જે.૦૧૭૪૯**